**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૫ એપ્રિલ ૨૦૦૯**

## ભાજપ નેતા અને ભાજપ – શિવસેના અને મિત્ર પક્ષનાં ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘના ઉમેદવાર શ્રી રામ નાઈકે બુધવાર, ૧૫ એપ્રિલ ૨૦૦૯ ના પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

**મુંબઈ, બુધવાર :** ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘના ખૂણે - ખૂણે થી 'પરિવર્તન રથ' પરથી શ્રી રામ નાઈક, અને 'રામ નાઈક રથ' પરથી અન્ય સ્થાનિક ભાજપ - શિવસેના નેતા ઉત્તર મુંબઈમાં પરિવર્તન ની જરૂર હોઈ મતદારોએ ભાજપને મતદાન કરવું તે મુજબનું આવાહ્ન કરી રહ્યાં છે. પ્રચારને હવે વીસ દિવસ પૂરાં થયેલ છે માટે છેવટનાં પખવાડિયામાં કાર્યકર્તાઓ દ્વારા ઘરેઘરે જઈ શ્રી રામ નાઈકનાં કાર્યો ની માહિતી આપનારાં પત્રક આપી પ્રચાર ની શરૂઆત કરવામાં આવેલ છે. ઉત્તર મુંબઈમાં મહાપાલિકાના ૩૮ વૉર્ડ હોઈ તે સર્વ વૉર્ડ માં પ્રચારની પહેલી ફેરી પૂર્ણ થયેલ છે. ભાજપ નેતા અને ભાજપ - શિવસેના યુતી ના ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘના ઉમેદવાર શ્રી રામ નાઈકે આજે પત્રકાર પરિષદમાં આ માહિતી આપી.

આ પ્રસંગે બોલતાં શ્રી રામ નાઈકે કહ્યું કે , " પ્રચારનો બીજો તબકકો અમે ગઈકાલે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી ના શુભ પ્રસંગે શરૂ કર્યો હોઈ ઘરેઘરે જનારા કાર્યકર્તા આવખતે જે પત્રક આપી રહ્યાં છે તેમાં મેં મતદાર સંઘ માટે કરેલા ચુનીંદા મહત્વનાં કાર્યો ,અને આવતાં પાંચ વર્ષે નાં કરવાનાં મહત્વના કાર્યો નો સમાવેશ છે." શ્રી રામ નાઈક રેલ્વે રાજય પ્રધાન હતાં તેવેળાં તેમણે મુંબઈ રેલ્વે વિકાસ મહામંડળની સ્થાપના કરી એમયુટીપી -૧ અંતર્ગત મુંબઈ ઉપનગરીય રેલ્વે માટે રૂ. ૪,૫૦૦ કરોડના કામો શરૂ કર્યાં હતાં. કોંગ્રેસ સરકાર ના રાજ માં રેલ્વે પ્રધાન શ્રી લાલૂ પ્રસાદે આ બધાં જ પ્રકલ્પો તરફ આંખ આડા કાન કરી તેનો વેગ ઓછો કર્યો. તેમજ મુંબઈને સાવકો વ્યવહાર આપ્યો. ઉપનગરીય રેલ્વે મુસાફરોની સગવડ ખાતર આ બધાં જ પ્રકલ્પો અગ્રક્રમે પૂર્ણ કરવા સંદર્ભે શ્રી રામ નાઈક સહુથી વધુ પ્રધાન્ય આપશે. તેમજ એમયુટીપી -૨ અંતર્ગત રૂ.૬,૩૦૦/ – કરોડનાં પ્રકલ્પો પર ૨૦૦૮-૨૦૦૯ આ પાછલાં વર્ષમાં ફકત રૂ.૧૦/- કરોડ વપરાયાં છે. એમયુટીપી - ૨ ના પ્રકલ્પ પણ પૂર્ણ કરી લેવાનો સર્વતોપરી પ્રયત્ન રહેશે. મુંબઈમાં ચારકોપ - વાંદરા - માનખુર્દ માર્ગ પર મેટ્રો રેલ્વે શરૂ કરવાની યોજના છે. તેમાટે ચારકોપ ખાતે કારશેડ બાંધવાનો નિર્ણય કોંગ્રેસ સરકારે લીધેલ છે. આ પ્રસ્તાવિત કારશેડ ને કારણે ચારકોપ ખાતેથી બેઘર થવાની લટકતી તલવાર ના ભય સાથે ૩૦,૦૦૦ નાગરીકોને સંરક્ષણ અપાવવા માટે શ્રી રામ નાઈક પ્રધાન્ય આપશે. તેમજ ખાનગી વન જમીન પરનાં લાખો ઝુંપડપટ્ટીધારકો ચાળવાસીઓ, અને ફલેટધારકોને બેઘર થવું ન પડે તે માટે હૃદય થી પ્રયત્ન કરશે. ઝુંપડપટ્ટી સૂધાર યોજના (SRA) ફરી પારદર્શીરીતે શરૂ થાય તે માટે પણ શ્રી રામ નાઈક આગ્રહી રહેશે. ઉત્તર મુંબઈમાં ગોરાઈ , મનોરી, માર્વે, આકસા, એરંગલ, મઢ, , ખાતે બહોળી સંખ્યામાં માછીમારો રહે છે. તેમનાં જૂદા પ્રશ્નો છે. માછીમારોને ડિઝલ પર મળનારી કર રાહત આ સરકારે રદ્ કરી હોઈ તે લીટર દીઠ રૂ. ૪/- મુજબ સર્વ નાના માછીમારોને મળે, તેમજ માછીમારોને ખેડૂતોની જેમજ

૪ ટકા વ્યાજ દરે લોન મળે એવો શ્રી રામ નાઈક નો પ્રયત્ન રહેશે, તેની માહિતી કાર્યકર્તા ઓ પ્રચારની વેળાં મતદારોને આપશે. "

પત્રકના છેલ્લાં પૃષ્ઠ પર જીવનાવશ્યક વસ્તુના પાછલાં પાંચ વર્ષમાં બદલાયેલા ભાવ અમે આપેલ છે. ભાવની તે તાલિકા વાંચતીવેળાં મતદારોને ગળે ઉતરશે અને આવી સીધેસીધી સરખામણી જોયાં પછી મતદાર ભાજપની તરફેણમાં જ મતદાન કરશે તેની અમને ખાત્રી છે.એકતરફ વાજપેયી સરકારના સમયનાં ભાવોની સરખામણી કરીએ તો ઘઉં, ચોખા, મગ, દાળ, દૂધ, ચા ની ભાવમાં સો ટકાથી યે વધુ ભાવવધારો થયેલ છે અને બીજી તરફ કોંગ્રેસ સરકાર મોંઘવારી નિર્દેશાંક નીચો આવી ૦.૪૫ થયાનું કહે છે તે કઈ રીતે તેવો પ્રશ્ન સુજ્ઞ મતદાતાઓને થવાનો જ. ફકત મોંઘવારી જ આકાશે આંબી એટલું જ નહીં પણ આખા યે દેશમાં મંદી નું મોજું ફરી વળ્યું હોઈ ૧.૨૫ કરોડ લોકો બેકાર બન્યાં છે, ૨૫ લાખ લોકો અર્ધ બેકાર બન્યાં છે તે પનકાર્યકર્તાઓ નાગરિકોને ધ્યાનમાં લાવવાનું કામ કરશે." તેમ શ્રી રામ નાઈક બોલ્યાં. ભાજપની સરકાર કેવી હતી અને હવે કોંગ્રેસ સરકાર કેવી છે તેના પર તમેજ વિચાર કરો ! યોગ્ય સરકાર ચૂંટવાની તેમજ યોગ્ય સાંસદ ને જીતાડવાનો આ જ સમય છે ! તે મુજબનું આવાહ્ન પણ ભાજપ - શિવસેના યુતી અને મિત્રપક્ષનાં કાર્યકર્તા મતદારોને કરવાનાં છે. મતદારોને વિચારતા કરી મુકે તેવું આ પત્રક અમારા સર્મથન માટે મતદાન કરવા ને પણ પ્રવૃત્ત કરશે, તેવો વિશ્વાસ આ પ્રસંગે શ્રી રામ નાઈકે વ્યકત કર્યો હતો.

પ્રચારનાં પહેલાં તબકકામાં 'પરિવર્તન રથ' પરથી પ્રચાર કરતી વેળાં મતદારોએ જે જોરદાર પ્રતિસાદ આપ્યો તેના પરથી મતદારો ફરી એક વખત વિક્રમી મતોથી ચૂંટી આપશે તેવો વિશ્વાસ આવી રહ્યો હોવાનું શ્રી રામ નાઈકે કહ્યું હતું. પત્રકાર પરિષદમાં ભાજપ-મુંબઈનાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી અને ભાજપ ઉત્તર મુંબઈનાં અધ્યક્ષ શ્રી યોગેશ સાગર પણ ઉપસ્થિત હતાં.


**(વિનોદ શેલાર)**

**પ્રસિધ્ધી પ્રમુખ**

**મો. ૯૮૬૭૬૮૯૫૪૦**